દહેજ નજીક GFL કંપનીની બસ અને ટેમ્પોને અકસ્માત

ટેમ્પોએ ડિવાઈડર કુદાવી બસને ટક્કર મારતાં અફરાતફરી, ઇજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

ભરૂચ: ભરૂચના દહેજ ઔદ્યોગિક વસાહત વિસ્તારમાં વધુ એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ભરૂચના દહેજમાં આવેલી GFL-1 કંપનીના કર્મચારીઓને લઈને જતી બસ અને એક ટેમ્પો વચ્ચે ટક્કર થતાં અનેક કામદારોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો અને અન્ય કંપનીના કર્મચારીઓ મદદ માટે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

તા.18મીએ રાત્રે અંદાજિત 12 વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. દહેજમાં આવેલી GFL-1 કંપનીમાંથી સેકન્ડ શિફ્ટ પૂરી કરીને કામદારો રાવ ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં બેસીને પરત ભરૂચ આવી રહ્યા હતા. તે જ સમયે દહેજ સેઝ-1 ચોકડી પાસેથી પસાર થતી વખતે સામેથી આવી રહેલા એક આઈસર ટેમ્પોના ચાલકે અચાનક પોતાના વાહનના સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલો ટેમ્પો રોડની વચ્ચે આવેલું ડિવાઈડર કૂદાવી રોંગ સાઈડ ઘૂસી ગયો હતો અને સામેથી આવી રહેલી કામદારોથી ભરેલી GFL-1ની લક્ઝરી બસ સાથે ધડાકાભેર અથડાતાં બંને વાહન રોડની સાઈડમાં ઊતરી ગયા હતા અને બસમાં સવાર કામદારોની ભયના માર્યા ચીસો નીકળી ગઈ હતી.

અકસ્માતના પગલે માર્ગ પરથી પસાર થતી અન્ય કંપનીની બસના કામદારોએ માનવતા દાખવી ઈજાગ્રસ્તોની મદદે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં જોડાયા હતા. બસમાં સવાર જે કામદારોને નાની-મોટી ઈજા પહોંચી હતી તેમને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલે લઈ જવાયા હતા. આ બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માત સર્જનાર વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

અંકલેશ્વરમાં ગાંજો ઝડપાવાના ગુનામાં વધુ એક પકડાયો

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ એસઓજી પોલીસે અંકલેશ્વરમાંથી ગત નવેમ્બર માસ દરમિયાન હાયબ્રિડ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન બે આરોપીની ધરપકડ કરી રૂ.2.70 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અગાઉના ગુનામાં ફરાર રહેલો એક આરોપી પણ ઝડપી પાડવામાં આવ્યો છે. અંકલેશ્વરની રાજપીપળા ચોકડી નજીક મોપેડ પર ગાંજાનું વેચાણ થતું હોવાની બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે ગોઠવાયેલી ટ્રેપ દરમિયાન આકાશ યાદવને અટકાવી તેની તલાશી લેવામાં આવતાં હાઈબ્રિડ ગાંજો ઝડપાયો હતો. જેથી ગુનો નોંધાયો હતો. આ સંદર્ભે આગળની તપાસ દરમિયાન પોલીસે સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા આ ગુનામાં સંડોવાયેલા વધુ એક આરોપી વંશ શીતકુમાર ઉદ્દાશીની પણ અટકાયત કરી હતી.

ભાટવાડાના ગોપચણ મંદિરનો રસ્તો બંધ, લોકોની આંદોલનની ચીમકી

આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રમુખની આગેવાનીમાં ચીફ ઓફિસરને આવેદન

જો તંત્ર રસ્તો ખુલ્લો નહીં કરાવે તો તેઓ પણ પોતાના ઘર પાસેના રસ્તા બંધ કરી દેશે

દીપલ સોની

રાજપીપળા: ભાઠાવાડા વિસ્તારમાં ગોપચણ મંદિરના રહેવાસીઓની અવરજવરનો રસ્તો દીવાલ બાંધી ગેરકાયદે રીતે બંધ કરી દેવાતાં વિરોધ ઊઠ્યો છે. દીવાલ બાંધી દેવાતાં ભક્તોને મંદિરે જવામાં પણ મુશ્કેલી પડે છે. આ બાબતે નગર પાલિકાને વારંવાર ધ્યાન દોરવા જતાં અધિકારીઓ કાર્યવાહી કરતા નથી. રસ્તો બંધ કરનારાઓ સાથે પાલિકાના અધિકારીઓની કોઈ સાઠગાંઠ છે કે શું એવી પણ શંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે. આ બાબતે કમળાબેન, યાસીન યુસુફ શેખ, સમીર મુબારક શેખ, ધનુબેન તથા મુબારકભાઈ દ્વારા આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રમુખ કિર્તન સી. પુરોહિતની આગેવાનીમાં રાજપીપળા પાલિકાના ચીફ ઓફિસરને લેખિત જાણ કરવામાં આવી છે.

આવેદનમાં જણાવ્યા મુજબ ભાટવાડા વિસ્તારમાં આવેલ વર્ષો જૂના અને આસ્થાના કેન્દ્રસમાન ગોપચણ મંદિરનો જાહેર રસ્તો ગેરકાયદે દીવાલ ચણીને બંધ કરી દેવામાં આવતાં સ્થાનિક રહીશો અને ભક્તજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વર્ષોથી જે માર્ગ પરથી શ્રદ્ધાળુઓ અવરજવર કરતા હતા, ત્યાં અચાનક દીવાલ ઊભી કરી દેવાતા ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે નગરપાલિકાના તંત્ર સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ નગરપાલિકાના સર્વેયરની જવાબદારી ગેરકાયદે કામ અટકાવવાની હોય છે, પરંતુ આ કિસ્સામાં તેઓ આંખ આડા કાન કરી રહ્યા હોય તેવું જણાય છે. વધુમાં, લોકોમાં એવી પણ ચર્ચા છે કે નગરપાલિકાના પ્રમુખના ઘરના સભ્યો વહીવટમાં દખલગીરી કરી રહ્યા છે અને રજૂઆત કરવા છતાં કોઈ નક્કર પરિણામ આવતું નથી. સવાલ એ ઊભો થાય છે કે શું આ રસ્તો બંધ કરવાની મંજૂરી નગરપાલિકાએ આપી છે? જો મંજૂરી નથી આપી, તો હજુ સુધી આ દબાણ કેમ દૂર કરવામાં આવ્યું નથી? રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ ગેરકાયદે દીવાલ તોડીને મંદિરનો રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. આ દરમિયાન ઊભી થનારી કોઈપણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે નગરપાલિકાના સર્વેયર અને પ્રમુખ સીધી રીતે જવાબદાર રહેશે. રોષે ભરાયેલા લોકોએ તો ત્યાં સુધી જણાવ્યું છે કે જો તંત્ર રસ્તો ખુલ્લો નહીં કરાવે, તો તેઓ પણ પોતાના ઘર પાસેના રસ્તા બંધ કરી દેશે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર ભક્તોની લાગણી સમજીને તાત્કાલિક કાર્યવાહી કરે છે કે પછી ગેરકાયદે દબાણ કરનારાઓને છાવરવાનું ચાલુ રાખે છે.

અંકલેશ્વરમાં વિશ્વ કક્ષાના અદ્યતન કૌશલ્ય વિકાસ કેન્દ્રનો પ્રારંભ

વાર્ષિક ૫૦૦થી વધુ પરિવારોને રોજગારીક્ષમ બનાવી આત્મનિર્ભર કરવાનો લક્ષ્યાંક

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: સુદર્શન કેમિકલ ગુજરાતે તેની CSR પહેલ હેઠળ અંકલેશ્વરમાં એક અત્યાધુનિક કૌશલ્ય વિકાસ કેન્દ્ર સ્થાપિત કર્યું છે. આ કેન્દ્રનું ઉદઘાટન ભરૂચના જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે AIA પ્રમુખ વિમલભાઈ જેઠવા અને સાઈટ ડાયરેક્ટર ડી.કે. રાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્ર સ્થાનિક યુવાનોને ઉદ્યોગ સાપેક્ષ તાલીમ આપી રોજગારી માટે સજ્જ કરશે. હાલમાં અહીં છ મુખ્ય અભ્યાસક્રમો: ફાયર એન્ડ સેફ્ટી, ઈલેક્ટ્રિશિયન, એડ્વાન્સ કમ્પ્યુટર, ટેલરિંગ, બ્યુટિશિયન અને નર્સિંગ ચલાવવામાં આવે છે. સ્માર્ટ ટેક્નોલોજી અને વાઈ-ફાઈથી સજ્જ આ કેન્દ્ર સંપૂર્ણપણે સૌર ઊર્જા પર કાર્યરત છે. સુદર્શનના સી.એસ.ઓ. શિવાલિકા રાજે જણાવ્યું કે, આ કેન્દ્ર દ્વારા યુવાનોને ટેકનિકલ શિક્ષણની સાથે અંગ્રેજી અને જીવન કૌશલ્યની તાલીમ આપી તેમના સુરક્ષિત ભવિષ્ય અને સામુદાયિક પ્રગતિ માટે કંપની પ્રતિબદ્ધ છે. આ પ્રોજેક્ટ ભરૂચ જિલ્લાના યુવાનો માટે આર્થિક ઉન્નતિનું નવું દ્વાર ખોલશે.

અંકલેશ્વરમાં માર્ગ ચીકણો બનતાં વાહનચાલકો પટકાયા

ઓઇલ ઢોળાતાં અકસ્માતોની હારમાળા, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના નોટિફાઈડ રહેણાક વિસ્તારમાં ગટ્ટુ ચોકડી નજીક માર્ગ પર અજાણ્યા વાહનમાંથી ઓઇલ ઢોળાતાં અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી. ચીકણા બનેલા માર્ગ પર પસાર થતા અનેક બે-ચક્રી અને અન્ય વાહનચાલકો સ્લિપ થતાં ઈજાગ્રસ્ત બન્યા હતા.

માહિતી મુજબ ઓઇલ રોડ પર ફેલાતા વાહનોનું નિયંત્રણ બગડ્યું હતું. ખાસ કરીને મોપેડ પર પસાર થતી એક મહિલાને ગંભીર ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ સર્વિસ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અન્ય ઈજાગ્રસ્તોને પણ સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતા જ ડીપીએમસીની ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ રેતી અને પાણીનો ઉપયોગ કરીને માર્ગ પર ફેલાયેલું ઓઇલ સાફ કરવાની કામગીરી હાથ ધરી હતી, જેના પગલે થોડા સમય બાદ માર્ગ વ્યવહાર પુનઃસ્થાપિત થયો હતો.

આ બનાવને કારણે વિસ્તારમાં થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર પ્રભાવિત રહ્યો હતો. સ્થાનિકોએ ઔદ્યોગિક વિસ્તારોમાં સલામતીનાં કડક પગલાં લેવા તેમજ તેલ અને રાસાયણિક પદાર્થોનું પરિવહન કરતા વાહનચાલકો વધુ સાવચેતી રાખે તેવી માંગ ઉઠાવી છે.

અંકલેશ્વર GIDCમાં ટેન્કરમાંથી જ્વલનશીલ કેમિકલ લીક

કેમિકલ ઢોળાતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરની હેર્ક્સ ચોકડી નજીક વહેલી સવારના અરસામાં ટેન્કરમાંથી જ્વલનશીલ કેમિકલ લીક થવાની ઘટના સામે આવી છે. જાહેર માર્ગ પર કેમિકલ ઢોળાતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ એક કેમિકલ ટ્રેડર્સના પરિસરમાં ઊભેલા ટેન્કરમાંથી પ્રવાહી લીક થઇ રોડ પર વહી ગયું હતું. આ ઘટનાને ઢાંકવા માટે સંબંધીતોએ કેમિકલ પર રેતી નાંખી સાફસફાઈ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ કે આગ જેવી દુર્ઘટના બની નથી. જેના કારણે લોકોએ હાશકારો અનુભવ્યો છે. જો કે, સેફ્ટી અને પર્યાવરણ બાબતે ટ્રેડર્સની બેદરકારી સામે પ્રશ્નો ઊભા થયા છે. કેમિકલ પર રેતી નાંખી સાફ કરવાનું કામ કરનાર મજૂરો માટે પણ પૂરતી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી ન હોવાનો આક્ષેપ છે. ઘટનાની જાણ થતાં જીપીસીબી, નોટિફાઇડ એરિયા, જી.આઈ.એમ.આઈ. અને ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધિઓ સ્થળ પર દોડી આવ્યા હતા. અધિકારીઓએ સ્થળ પરથી નમૂનાઓ લઈ તપાસ શરૂ કરી છે અને ટ્રેડર્સના માલિકને નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસની ઓળખ આપી ધમકી આપતાં હાર્ટ પેશન્ટે જીવ ગુમાવ્યો!

ભરૂચના રહાડપોર ગામની ઘટના, મોપેડની નંબર પ્લેટ નથી તેમ કહી ધમકાવ્યા

ભરૂચ: ભરૂચના રહાડપોર ગામ પાસે કેટલાક ઈસમોએ નંબર પ્લેટના મુદ્દે રોફ જમાવી સીઝરોના ત્રાસે એક નિર્દોષ માણસનો જીવ ગુમાવવો પડ્યો છે. આ ઘટનાને લઈ મોપેડ ચાલકને ધાકધમકીથી 43 વર્ષીય ઉર્વિશ મોદીને હૃદયરોગનો હુમલો આવતાં અચાનક ઢળી પડતાં મોત નીપજ્યું હતું.

ભરૂચના ભોલાવ વિસ્તારમાં રહેતા 43 વર્ષીય ઉર્વિશ બીપીનભાઈ મોદી પોતાની મોપેડ પર કામ અર્થે જઈ રહ્યા હતા. દરમિયાન રહાડપોર રોડ પર કેટલાક ઈસમોએ તેઓને આંતર્યા હતા. આ શખ્સોએ 'તમારા વાહનમાં નંબર પ્લેટ કેમ નથી લગાવી' તેમ કહી ઉર્વિશભાઈને રીતસર ધમકાવવા માંડ્યા હતા. તેમને ત્રણ મહિનાથી હેરાન કરતા હતા. મૃતકના ભાઈ નીકીતેશ મોદીએ વાત કરતા જણાવ્યું કે, એ વેળા મોપેડ ચાલક તેમના ભાઈ ઉર્વિશભાઈ મોદીએ કહ્યું કે હું હાર્ટએટેકનો પેશન્ટ છું. દવા ચાલે છે. મારી પરિસ્થિતિ સમજો, તેમ છતાં એ ઈસમો પોલીસ તરફથી આવીએ છીએ અને પૈસાની માંગણી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેઓએ રોફ અને સીઝરોની દાદાગીરી જોઈ ઉર્વિશભાઈ એટલી હદે ગભરાઈ જતાં જ હાર્ટએટેક આવી જતાં ત્યાં જ ઢળી પડ્યા હતા. જોતજોતામાં ત્યાં જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈને તેઓનો પરિવારજનો શોકમગ્ન થઇ ગયા હતા. સાથે પોલીસ ફરિયાદ દર્જ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ બાબતે ભરૂચ DYSP સી.કે.પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઘટના જાણવા મળી છે. જેની તલસ્પર્શી તપાસ કરી કાર્યવાહી હાથ ધરાશે.

Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

અંકલેશ્વરમાં ગાંજા સાથે મહિલા ઝડપાઈ

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી નશાના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો હતો.

ઓમનગરમાં રહેતી જ્યોતિકુમારી મંડલના ઘરે રેડ દરમિયાન રૂ.10.19 લાખનો 20.381 કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મહિલા આરોપી બિહારના મિથુન મંડલ પાસેથી આ જથ્થો મંગાવી છૂટક વેચાણ કરતી હતી. પોલીસે ઘટના સ્થળેથી વજનકાંટો અને પેકિંગની સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ મહિલાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે સપ્લાયર મિથુનને ફરાર જાહેર કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પાવર ઓફ એટર્ની રદ્દ કર્યાની જાહેર નોટીસ

જત અમારા અસીલ સવિતાબેન લલ્લુભાઈ પટેલ, રહેવાસી : જુનું પટેલ ફળીયુ, ગાંગપુર, ગાંગપોર, તા.પલસાણા, જિ.સુરતના, હાલ રહે. : U.K. નાઓ તર્ફે મળેલ ખાસ સૂચના અને ફરમાઈશ અન્વયે આ પાવર ઓફ એટર્ની રદ્દ કર્યાની જાહેર નોટીસ થકી જાહેર કરવાનું કે,

અમારા અસીલ સવિતાબેન લલ્લુભાઈ પટેલનાઓ હાલ વિદેશ મુકામે વસવાટ કરતાં આવેલ હોય, જેમણે પોતાની સ્થાવર-જંગમ મિલકતો લગતની કાર્યવાહીઓ કરવા બાબતેનો એક જનરલ પાવર ઓફ એટર્ની તેમનાં ઓળખીતા અને વિશ્વાસુ વ્યક્તિ એવાં કીરીટકુમાર જયંતિલાલ પટેલ, રહે.સ્યાદલા, તા.ઓલપાડ, જિ.સુરતનાઓને આપેલ. મજકુર જનરલ પાવર ઓફ એટર્ની તાત્કાલિક અસરથી રદ્દ કરેલ છે. સદર જનરલ પાવર ઓફ એટર્ની થકી પાવર ઓફ એટર્ની હોલ્ડરને હમારી સ્થાવર-જંગમ મિલકતો સંદર્ભે કે અન્ય કોઈપણ બાબતે અમારા વતી કોઈપણ કાર્યવાહી કરવાનો કોઈ હક્ક કે અધિકાર નથી કે રહેલો નથી. તેમજ અમારા અસીલની જાણ બહાર કરેલો તમામ વહીવટ રદ્દ કરેલ છે અને પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે કીરીટકુમાર જયંતિલાલ પટેલ ને તાત્કાલિક અસરથી દુર કરેલ છે અને જેની જાણ તેઓને પર્સનલ નોટીસ થકી પણ કરવામાં આવેલ છે.

તેમજ સદર અસલ પાવર ઓફ એટર્ની તથા તે લગતના તમામ દસ્તાવેજી સાહિત્ય, ઝેરોક્ષ નકલ, એટેસ્ટેડ, ટ્રુ કોપી વિગેરે તમામ પણ અમારા અસીલને દિન-૭ માં રૂબરૂ પહોંચતા કરી દેવા સહી. તેમજ સદર પાવર ઓફ એટર્નીનો હવે પછી ક્યારેય કોઈપણ પ્રકારનો ઉપયોગ કરવા-કરાવવાનો નથી. સદર જનરલ પાવર ઓફ એટર્ની હરહંમેશને માટે રદ્દબાતલ કરેલ છે સહી.

તેમજ ભવિષ્યમાં પણ સદર જનરલ પાવર ઓફ એટર્નીના આધારે જો કોઈપણ જાતના વ્યવહારો અમારા અસીલની મિલકતમાં કરવામાં આવશે તો તેવા તમામ વ્યવહારો રદ્દબાતલ ગણાશે અને તેવાં હરકોઈ વ્યવહારોની સંપૂર્ણ જવાબદારી જે-તે ઈસમ, પેઢી કે સંસ્થાની પોતાની ગણાશે. જેનાં માટે મારા અસીલ તે તેઓના વંશ, વાલી-વારસો કોઈપણ રીતે જવાબદાર કે બંધનકર્તા રહેશે નહીં. જેની આ જાહેર નોટીસ થકી તમામે નોંધ લેવી.

તા. : ૨૦/૦૨/૨૦૨૬ | અમારી સૂચના અને ફરમાઈશ મુજબ
સ્થળ : બારડોલી | સવિતાબેન લલ્લુભાઇ પટેલ

કલ્પેશ આર. રાઠોડ. એડવોકેટ
૨૦૫, રિદ્ધી આર્કેડ, એમ.જી.રોડ, બારડોલી, તા.બારડોલી, જિ.સુરત.
મો.નં.૯૮૭૯૪૦૧૯૭૫.

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પ્રા. શાળા ઝાંખરડાનો ૧ (એક) જર્જરીત ઓરડો અને ૧ (એક) જર્જરીત MOM સેડ તોડવા માટેની જાહેર હરાજી તા. ૨૬/૦૨/૨૦૨૬ ગુરુવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે પ્રા. શાળા ઝાંખરડાનાં મકાનમાં રાખવામાં આવેલ છે.

» હરાજીની શરતો સ્થળ ઉપર સંભળાવવામાં આવશે.
» હરાજી અંગે તમામ સત્તા એસ.એમ.સી. ઝાંખરડાની અબાધિત રહેશે.

આચાર્ય પ્રા.શાળા ઝાંખરડા : ૯૯૦૪૬ ૩૫૭૮૪
સ્થળ: પ્રા.શાળા ઝાંખરડા તા. માંગરોળ જિ. સુરત. ૩૯૪૪૨૧

અસલ ફારગતી લેખ ગેરવલ્લે / ગુમથયાઅંગેની જાહેર નોટીસ..

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવાનું કે સુરત ડિસ્ટ્રિક્ટ-સબ ડિસ્ટ્રિક્ટ તાલુકો માંગરોલ, મોજે-હથુરણ સીમના ખાતા નંબર ૧૦૧૭ બ્લોક નંબર-૪૩૮ જેનું ક્ષેત્રફળ ૦૦-૭૩-૦૦ જેનો સિટી સર્વે નંબર એન.એ/438 વાળી એન.એ.થયેલ જમીન પર બાંધવામાં કંપની RATTAN STYRENICS PVT LTD ના માલીક પોતે માલીક કબજેદાર ભોગવટેદાર તરીકે ચાલી આવેલ છે. જેવોએ નાઝીમાં મહમદ હનીફ તગારીની પુત્રી તે મોહમદ બિલાલ સાલેહની પત્ની પાસે થી વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરી માલિક મુખ્તીયાર બનેલા તે અગાઉ મૂળ માલિકે હક્ક કમી નો કરાર (ફારગતી લેખ) રજી.નં ૩૭૭૮ તા- ૦૬/૦૭/૨૦૧૩ કરી આપેલ છે.જે અસલ ફારગતી કરાર ગેરવલ્લે/ગુમ થયેલ છે. તેની શોધખોળ કરવા છતાં આજદિન સુધી મળી આવેલ નથી માટે, સદર જમીનમાં કોઈના કોઈપણ પ્રકારનો હક્ક હિસ્સો કે અધિકાર કે બેંક યા નાણાંકીય સંસ્થાનું લીયન હોય તો જરૂરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૭ (સાત)માં અમારી રૂબરૂ સંપર્ક સાંધવો અથવા રજીસ્ટ્રર એ.ડી. થી નકલો મોકલી આપવી. નોટીસની મુદ્દત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યક્તિ સંસ્થા કે ઇસમનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત, હિસ્સો, રાઈટ યા ટાઈટલ ઈન્સ્ટ્રેટ નથી. અને જો હોય તો જતાં કરાયા છે. યાને વેવ કરેલ છે. અને ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર દર-દાવો, ફરીયાદ ગ્રાહ્ય રેહેશે નહીં. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રેહેશે નહીં. જેની લાગતાં વળગતાએ ખાસ નોંધ લેવી. તારીખ-૨૦/૦૨/૨૦૨૬

હરેન્દ્રસિંહ.ટી.પરમાર - એડવોકેટ & નોટરી
ઓફીસ : ૪/કૈલાસ કોમ્પ્લેક્ષ, હજુમાનજી મંદિરની બાજુમાં, તરસાડી, તા.-માંગરોલ, જી.-સુરત,(ગુજરાત)-૩૯૪૧૨૦. મોબાઈલ નં.-૯૯૭૮૨ ૬૧૯૯૯

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૯/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૦/૨/૨૦૨૬
વાદી: અબ્દુલકાદિર ગુલામઅલી અછીઆ રહે. ૪૨૩/૧, બાવળ ફળીયુ, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા : મામલતદારશ્રી કામરેજ તા.કામરેજ, જી.સુરત
વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી અબ્દુલકાદિર ગુલામઅલી અછીઆનો જન્મ તા.13/03/1955 ના રોજ ખોલવડ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૪/૩/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૨૦/૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો | હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ - શ્રી આર. બી. રાણા, એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, ઉકાઈની કોર્ટમાં
કેસ નં.૧૫૭/૨૦૨૫
અરજદાર : નામ:-મહિલાલ રામજીભાઈ શ્રીમાળી
રહે:-ઈ-૧૦૫ આપજિબાપા ગ્રીન ઓન રોડ ઓફમનમોહન પાર્ક કુ.રિંગ રોડ, અમદાવાદ, ગુજરાત
વિરૂધ્ધ
સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉકાઈ રહે:-ગ્રામ પંચાયત ઉકાઈ
જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ
આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, શકરીબેન રામજીભાઈ શ્રીમાળીનું મરણ તા.૨૬/૦૩/૨૦૦૧ ના રોજ મોજે.ઉકાઈ તા.ઉકાઈ જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે. પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉકાઈના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉકાઈને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉકાઈ ક્યેરી ગ્રામ પંચાયત ઉકાઈ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.
આજ તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો | હુકમથી (આર. બી. રાણા)
(ઈ.ચા.)એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ઉકાઈ જિ.તાપી

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૦/૨૦૨૬
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૦/૨/૨૦૨૬
વાદી: સુરેશભાઈ ભુરાભાઈ ભરવાડ, રહે. ૧૨૪, સ્વામનગર સોસાયટી, કામરેજ, તા.કામરેજ, જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કામરેજ કામરેજ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત
વિષય : : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી સુરેશભાઈ ભ